## આપણા માણસ વિનાયક ધોનેની અણધારી વિદાય

ગાંધીનગર, તા. ૯

સચિવાલયમાં હવાલદારની નોકરીથી પોતાની આગવી ઓળખ ઉભી કરનાર વિનાયક ધોનેનું ટુંકી



માંદગી બાદ દુઃખદ અવસાન થયુ છે. સ્વર્ગસ્થની અંતિમ યાત્રા આજે સવારે ૮ વાગે તેમના સે. ૬ના નિવાસસ્થાનેથી નીકળશે.

મહારાષ્ટ્રમાંથી ગુજરાતની અલગ રચના થયા બાદ પ્રથમ દિવસથી જ ૧૯૯૯ સુધીના તમામ મુખ્યમંત્રીઓની કચેરીમાં હવાલદાર તરીકેની ફરજો બજાવી ચુકેલા સ્વ. વિનાયક ધોને મહારાષ્ટ્ર સમાજના પણ અગ્રણી હતા.

અત્યંત મિલનસાર સ્વભાવથી પોતાની આગવી ઓળખ ઉભી કરનાર ધોનેને બધા જ લોકો "આપણા માણસ" તરીકે ઓળખતા હતા. સ્વ. ધોને તેમની પાછળ બે દિકરા અને એક પુત્રી, પત્ની તેમજ ભાઈ ભાંડુઓના પરિવારને વિલાપ કરતા છોડી ગયા છે.

# ગ્રામ સેવક સહિતની ૯૭૬૯ જગ્યા માટે ૧૨મીએ પરીક્ષા

અમદાવાદ, તા.૯

રાજ્યના પંચાયતમંત્રી જયંતિભાઈ કવાડિયાએ જણાવ્યું છે કે રાજ્યની જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિના કાર્યક્ષેત્ર હેઠળની કુલ પાંચ સંવર્ગો તલાટી કમ મંત્રી, મલ્ટી પરપઝ હેલ્થ વર્કર્સ (પુ), ગ્રામ સેવક, જુનિય ક્લાર્ક, ફીમેલ હેલ્થ વર્કર(સ્ત્રી)ની કુલ ૯૭૬૯ જગ્યાઓ માટે આગામી ૧૨, ૧૮ અને ૧૯મી ફેબ્રુઆરીના રોજ રાજ્યના ૩૩ જિલ્લાઓમાં સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા યોજાનાર છે. સદર પરીક્ષા માટે ચુસ્ત આયોજનના ભાગરુપે રાજ્યના તમામ જિલ્લામાં તમામ પરીક્ષા કેન્દ્રો ખાતે સીસીટીવી કેમેરા મારફતે લાઈવ રેકોર્ડિંગ કરવામાં આવનાર છે તથા પરીક્ષા નિર્ભિક વાતાવરણમાં યોજાય તે માટે તમામ પરીક્ષા કેન્દ્રો ખાતે પુરતા પોલીસ બંદોબસ્તની તંત્ર દ્વારા વ્યવસ્થા કરવામાં આવેલ છે. પરીક્ષા કેન્દ્રની આજુબાજુના ઝેરોક્ષ સેન્ટર બંધ રાખવા માટે જાહેરનામા બહાર પાડી દેવામાં આવ્યા છે. પરીક્ષા ઉમેદવાર દ્વારા કોઈપણ પ્રકારની ગેરરીતિ ન થાય તે માટે અને સમગ્ર ભરતી પ્રક્રિયા ખુબ જ પારદર્શક રીતે યોજાય તે માટે ઉમેદવારોના હિતમાં તંત્ર દ્વારા કડક પગલા લેવામાં આવ્યા છે. ઉમેદવારો પોતાની સાથે ઓનલાઈન કેમેરા, સ્માર્ટવોચ, કેલક્યુલેટર વિગેરે કોઈપણ પ્રકારના વિજાણુયંત્રો સાથે લઈને જઈ શકશે નહીં. ઉપરાંત દરેક ઉમેદવારના ડાબા હાથના અંગુઠાનું નિશાન ઉમેદવારની ઓએમઆર શીટ (જવાબવહી)માં

**પરીક્ષાના ભાગરૂપે સઘન આયોજન તમામ જિલ્લામાં તમામ પરીક્ષાના કેન્દ્રો પર સીસીટીવી કેમેરા ગોઠવાશે**

પરીક્ષા શરૂ થતાં પહેલા લેવામાં આવશે. ઉમેદવારે પોતાની સાથે કોલલેટર અને ઓળખનો પુરાવો સાથે લઈ જવાનો રહેશે. દરેક પરીક્ષા કેન્દ્ર ખાતે ઈન્વીજીલેટર, સુપરવાઈઝર, બોર્ડ પ્રતિનિધિ, કેન્દ્ર નિયામકની નિમણૂંક કરી દેવામાં આવેલ છે. આ ઉપરાંત ફલાઈંગ સ્કવોડની રચના પણ કરી દેવામાં આવી છે. ઉપરાંત દર ત્રણ ખંડ દીઠ એક વીજીલન્સ સુપરવાઈઝરની નિમણૂંક પણ કરી દેવામાં આવી છે જે દરેક પરિસ્થિતિ ઉપર ચાંપતી નજર રાખશે. આથી ઉક્ત પરીક્ષામાં ઉપસ્થિત રહેનાર તમામ ઉમેદવારોને લાંચ રુશ્વત, લાંચ કે છેતરપિંડી આચરે તેવા અસામાજિક તત્વોથી દૂર રહેવા સાવધાન કરવામાં આવે છે તેમજ જો કોઈ ઈસમ કોઈ પદાધિકારી, અધિકારી, કર્મચારીના નામે નોકરી અપાવવાના નામે ઉમદેવારો પાસેથી નાણા ઉઘરાવતા હોવાનું જણાય તો તેવા ઈસમો સામે શેહ શરમ રાખ્યા સિવાય કાયદેસરની ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે. આવી કો અસામાજિક પ્રવૃત્તિ, છેતરપિંડી આપના ધ્યાનમાં આળે તો તરત જ લાંચ રુશ્વત બ્યુરોના ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૩૩-૪૪૪૪ ઉપર સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવે છે.



તડબૂચ - શિયાળાની ધીમે પગલે વિદાય થઈ રહી છે... સાથે સાથે ઠંડીનો ચમકારો પણ આપતી જાય છે... હવે તો ઉનાળાની આગામનની છડી પોકારાઈ રહી છે.. ઉનાળાના આગમનની સાથે સાથે બજારમાં ઉનાળુ ફળ થોકબંધ આવવાની તૈયારી થઈ ગઈ છે... શહેરમાં ઠેર ઠેર તડબૂચના ઠેલા-ડેરા લાગી ગયા છે.. ઉનાળામાં શરીરમાં પાણીના સમતુલન માટે તડબૂચને શ્રેષ્ઠ ફળ માનવામાં આવે છે....

## સ્વચ્છતા અભિયાન હેઠળ વર્કશોપનું આયોજન થયું

અમદાવાદ, તા.૯

વર્ષ-૨૦૧૪માં વડાપ્રધાન દ્વારા દેશભરમાં સ્વચ્છ ભારત અભિયાનનો આરંભ કરાવવામાં આવ્યાના અઢી વર્ષ બાદ અમદાવાદ શહેરમાં સ્વચ્છતા અંગે કમિટીઓ બનાવવવાની શરૂઆત કરવામાં આવી છે.

આ અંગે આજે શહેરના થલતેજ વિસ્તારમાં આવેલી એક શાળામાં મેયર ગૌતમ શાહે સ્વચ્છતા અંગે યોજવામાં આવેલા એક વર્કશોપમાં હાજરી આપી હતી.આ કાર્યક્રમમાં તેમણે હાજર રહેલા ૫૦૦ જેટલા બાળકોને સ્વચ્છતા જાળવવા અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.



**ભિલોડા ટી.ડી.ઓ.ના નિવાસસ્થાન પાસે માટલા વેચાણથી ભારે હાલાકી**

ભિલોડા તાલુકા પંચાયત વિકાસ અધિકારીના નિવાસસ્થાન આગળ માટલાઓનું વેચાણ થઈ રહ્યું છે. રાહદારીઓ, વાહન-ચાલકો હેરાન-પરેશાન થઈ રહ્યા છે. હાર્દસમા બજાર વિસ્તારમાં તાલુકા પંચાયત વિકાસ અધિકારીના નિવાસસ્થાન આગળ ખુલ્લા ભોગવટાની જગ્યામાં માટલાઓનું વેચાણ થઈ રહ્યું છે. રાહદારીઓ, વાહનચાલકોને નડતરરૂપ હોવાનું જાણવા મળેલ છે. તાલુકા પંચાયત વિકાસ અધિકારીના નિવાસસ્થાન આગળનો પાર્કિંગ ઝોનનું બોર્ડ હોવા છતાં વાહનોનો ખડકલો તસ્વીરમાં જોવા મળી રહ્યો છે. હાર્દસમા બજાર વિસ્તારમાં આડેધડ વાહનચાલકો પાર્કિંગ કરતા હોવાના કારણે રાહદારીઓ હેરાન-પરેશાન થઈ રહ્યા છે. પોલીસ તંત્ર ધ્વારા સત્વરે યોગ્ય ન્યાયિક કાર્યવાહી કરવામાં આવે તેવી જાગૃત પ્રજાજનોની પ્રબળ લોકમાંગણી છે.

# તલોદ નગરપાલિકાના અધિકારી ૪૦૦૦ની લાંચ લેતા રંગેહાથ પકડાયા

તલોદ, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના તલોદની નગરપાલિકાના એક સિનિયર અધિકારી આજે રૂ. ૪૦૦૦ની રોકડ લાંચ લેતા લાંચ રૂશ્વત બ્યુરોની મહેસાણાની ટીમના હાથે રંગેહાથ ઝડપાઈ જતાં, જિલ્લાભરના લાંચીયા અધિકારીઓ અને કર્મચારીઓમાં ભારે ફફડાટની લાગણી પેદા થઈ છે. તલોદ નગરપાલિકામાં ઓવરસીયર તરીકે ફરજ બજાવતા અને લગભગ એન્જિનીયર સમકક્ષ ફરજ બજાવતા વિનુભાઈ માંનાભાઈ સોલંકી, તલોદના જ સિમેન્ટ આર્ટીકલ બનાવતા નિર્માતા પાસેથી નગરપાલિકા સામે જ એક રાષ્ટ્રીયકૃત બેન્કના એટીએમ સેન્ટર આગળ રૂ. ૪૦૦૦ રોકડા લાંચ સ્વરૂપે લઈ ખીસ્સામાં મુકતા જ એસીબીની ગોઠવાયેલ ટીમ ત્રાટકી હતી અને વિનુ સોલંકીને રંગેહાથ લાંચની રકમ સાથે જ દબોચી દીધો હતો.

આજે તલોદ નગર અને સમગ્ર જિલ્લામાં ખળભળાટ મચાવી ચુકેલી આ ઘટનાની પ્રાપ્ત વિગત એવા પ્રકારની છે કે તલોદ નગરપાલિકા અંતર્ગતની સોસાયટી વિસ્તારોમાં સિમેન્ટના બાંકડા મુકવાના હોઈ તેની ટેન્ડર પ્રક્રિયા અન્વયે તલોદના જે.પી. ફાર્મવાળા જયંતિભાઈ પુંજાભાઈ પરમારે પણ ટેન્ડર ભરેલ. બાદ તેમનું ટેન્ડર મંજુર કરવા સંદર્ભે નગરપાલિકાના કર્મચારી વિનુભાઈ માંનાભાઈ સોલંકી રહે. ઘડકણ તા. પ્રાંતિજ (હાલ. અમદાવાદ)નાઓએ જયંતિભાઈ પાસે રૂ. ૫૦૦૦ની માંગ કરી હતી. વિનુ સોલંકીએ જયંતિભાઈને કહેલ કે રૂ. ૫૦૦૦ આપશો તો તમારૂ ટેન્ડર મંજૂર થઈ જશે. રસકસ કર્યામાં આ સોદો છેવટે ચાર હજારમાં નક્કી થયો હતો.

બાદ જયંતિભાઈએ એવો કથિત નિર્ધાર કરેલ કે પાલિકાના એન્જીનિયરને ના તે ઓળખતા અને ઘણા સમયથી ભ્રષ્ટાચારની બદબુમાં જેમનુ નામ ચર્ચામાં રહ્યુ છે તેવા વિનુ સોલંકીને એસીબીના હાથે પકડાવી દઉ...જેથી તેઓએ અમદાવાદ શાહીબાગ સ્થિત એન્ટી કરપ્શન બ્યુરોની કચેરીનો સંપર્ક સાંધીને વિનુભાઈ સોલંકી સામે ફરિયાદ નોંધાવી હતી. જેથી વડી કચેરીના આદેશ અન્વયે આજે બપોર બાદ એસીબી મહેસાણાના ઈનચાર્જ ફિલ્ડ પો.ઈન્સ. એસ.એસ. આચાર્ય પોતાના ચુનંદા અધિકારીઓ સાથે તલોદ આવી પહોંચ્યા હતા. જેઓએ ફરિયાદી જયંતિભાઈ પરમારને સાથે રાખી એક સુઆયોજીત છટકુ ગોઠવ્યુ હતુ.

## મહેસાણા જિલ્લા પંચાયતના કર્મચારી ૮૦૦ની લાંચ લેતાં રંગેહાથ પકડાયો

મહેસાણા, તા. ૯

મહેસાણા જિલ્લા પંચાયત હસ્તકની આરોગ્ય શાખામાં ફરજ બજાવતા એક સિનિયર કારકુન એલ.ટી.સી.ના બિલો મંજૂર કરવા માટે રૂપિયા ૮૦૦ની લાંચ સ્વીકારાતાં સાબરકાંઠા એ.સી.બી.ના છટકામાં રંગેહાથ ઝડપાઈ ગયો હતો.

જાણવા મળ્યા મુજબ મહેસાણા જિલ્લા પંચાયતની આરોગ્ય શાખામાં સિનિયર કારકુન તરીકે ફરજ બજાવતા સતિશકુમાર વિસાભાઈ પ્રજાપતિએ ફરિયાદીના હાયર સ્કેલ એરીયર્સ અને એલ.ટી.સી. બિલ મંજૂર કરવા સંદર્ભે બિલ મુકી રાખી રૂપિયાની લાંચની માંગણી કરી હતી.

જે અંગે ફરિયાદીએ એ.સી.બી.નો સંપર્ક સાધતાં સાબરકાંઠા એ.સી.બી. પો.ઈ. બી.જે. ચૌધરીએ સ્ટાફ સાથે લાંચના ગોઠવેલ છટકામાં મહેસાણા આરોગ્ય શાખાના સિનિયર કારકુન સતિશ પ્રજાપતિ રંગે હાથ ઝડપાઈ ગયો હતો. લાંચના આ છટકામાં ઓડીયો રેકોર્ડીંગનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જી.પં.ની આરોગ્ય શાખાનો કર્મચારી લાંચના છટકામાં ઝડપાતા સરકારી કર્મચારીઓમાં ફફડાટની લાગણી પ્રસરી હતી.

# અરવલ્લી જિલ્લાની ગ્રામ પંચાયતોને બીજા હપ્તામાં ૧૯ કરોડ ગ્રાન્ટની ફાળવણી : રાજેન્દ્ર પારધી

મોડાસા, તા. ૯

હાલમાં ભારત સરકાર તરફથી અગાઉની પ્રણાલી મુજબ ચુકવવામાં આવતી નાણાપંચની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે. ૧૪માં નાણાપંચ અંતર્ગત વર્ષ ૨૦૧૫-૨૦ના પાંચ વર્ષના સમયગાળા દરમ્યાન ગ્રાન્ટની તબક્કાવાર ફાળવણી કરવામાં આવે છે. જે અન્વયે અરવલ્લી જિલ્લામાં બીજા હપ્તામાં બેઝીક ગ્રાન્ટ ૧૫,૯૨,૦૪,૨૬૪ (પંદર કરોડ બાણું લાખ ચાર હજાર બસ્સો ચોસઠ) જેટલી રકમ તથા પર્ફોમન્સ ગ્રાન્ટ તરીકે ૩,૩૩,૯૩,૩૫૯ (ત્રણ કરોડ ત્રેત્રીસ લાખ ત્રાણુંહજાર ત્રણસો ઓગળસાઈઠ) જેટલી રકમ આવેલ છે.

૧૪માં નાણાપંચ જિલ્લાની ગ્રામ પંચાયતને આવેલ આ ગ્રાન્ટ પૈકી બેઝીક ગ્રાન્ટનો હિસ્સો ૯૦ ટકા અને પરફોર્મન્સ ગ્રાન્ટનો હિસ્સો ૧૦ ટકા રહેશે. આ ગ્રાન્ટની સીધી જ ફાળવણી ગ્રામ પંચાયતોને કરવામાં આવેલ છે. ૧૪માં નાણાપંચની ભલામણોમાં દર્શાવ્યા મુજબ વર્ષ ૨૦૧૧ની વસતીને આધાર ગણી કુલ ગ્રાન્ટના ૯૦ ટકા ગ્રાન્ટ ગ્રામ પંચાયતની વસતીના આધારે અને ૧૦ ટકા ગ્રાન્ટ ગ્રામ પંચાયતના વિસ્તારના આધારે ફાળવણી કરવામાં આવેલ છે.

### પ્રચારનો મહાજંગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જિલ્લામાં એક એક જનસભા કરનાર છે. ચૂંટણી ફિવર ચરમસીમા પર પહોંચી ગયા બાદ વડાપ્રધાન મોદી પણ વારાણસીને કેન્દ્ર બિન્દુ તરીકે ગણીને પૂર્વાંચલમાં ત્રણ વિશાળ જાહેર સભા કરનાર છે. યુપીમાં પ્રથમ તબક્કામાં ૧૧મી ફેબ્રુઆરીના દિવસે મતદાન શરૂ થવાની સાથે ચૂંટણી પ્રક્રિયા વધારે ઝડપી બની જશે. પૂર્વાંચલના પ્રચારની પિચ પર સૌથી પહેલા સમાજવાદી પાર્ટી-કોંગ્રેસ ગઠબંધનને વેગ આપવા માટે રાહુલ ગાંધી અને અખિલેશ યાદવ પહોચી રહ્યા છે. બન્ને નેતા રોડ શો અને રેલી કરીને મોદીના ગઢમાં તમને ધુળ ચટાડી દેવાના પ્રયાસ રૂપે લોકો પાસેથી મતની માંગ કરશે,. રોડ શોને લઈને રૂટ અને રેલી સ્થળ અંગે અંતિમ નિર્ણય કરવામાં આવ્યો નથી. પરંતુ અખિલ ભારતીય કોંગ્રેસ કમિટીના સચિવ અને પ્રદેશના સહ પ્રભારી રાણા ગોસ્વામી વારાણસીમાં ડેરા જમાવીને તેને સફળ બનાવવાના મ અગ્રીમ સંસ્થાઓ સાથે વાતચીત કરી રહ્યા છે. સમાજવાદી પાર્ટીએ પણ રોડ શો અને રેલીને સફળ બનાવવા માટે પાર્ટી ઉમેદવારોના તમામ ફ્રન્ટલ સંગંઠનોને સાવધાન કરી દેવામાં આવ્યા છે. ઉત્તરપ્રદેશની તમામ બેઠકો પર પોતાની તાકાત પર ચૂંટણી લડી રહેલા બહુજન સમાજવાદી પાર્ટીના નેતા અને પૂર્વ મુખ્યપ્રધાન માયાવતી પઁણ ઝંઝાવતી પ્રચાર કરનાર છે. માયાવતી માટે પણ પૂર્વાંચલ ખુબ મહત્વપૂર્ણ છે.

### સન્માન જાળવ્યા નથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

સરકારના વટહુકમને ફાડી નાખવાની ઘટનાનો ઉલ્લેખ કરતા રવિશંકર પ્રસાદે આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલે તેમના ખરાબ વર્તનથી તે વખતે મનમોહનસિંઘનું અપમાન કર્યું હતું. રવિશંકર પ્રસાદે એમ પણ કહ્યું હતું કે આનંદ શર્મા કહી રહ્યા છે કે મોદી વિદેશમાં જઈને કોંગ્રેસની ટીકા ટિપ્પણી કરી રહ્યા છે. આના જવાબમાં પ્રસાદે કહ્યું હતું કે મનમોહનસિંઘ જ્યારે અમેરિકા ગયા હતા ત્યારે અહીં યુવરાજે તેમના વટહુકમને ફાડી નાખીને તેમનું અપમાન કર્યું હતું. રવિશંકર પ્રસાદે કહ્યું હતું કે જ્યારે નરસિંમ્હારાવનું અવસાન થયું ત્યારે તેમના પાર્થિવ દેહને કોંગ્રેસ હેડક્વાર્ટરમાં મુકવાનો ઈનકાર કરી દેવામાં આવ્યો હતો. આની પાછળ સોનિયા ગાંધીનો હાથ રહ્યો હતો. પ્રસાદે કહ્યું હતું કે મનમોહનસિંઘની સામે જ તેમના ગુરૂ રહી ચુકેલા નરસિમ્હારાવનું અપમાન થયું હતું. વડાપ્રધાન હોવા છતાં તેઓ કઈ કરી શક્યા ન હતા. પ્રસાદના કહેવા મુજબ આ ઘટનાઓનો ઉલ્લેખ સંજય બારૂના પુસ્તકમાં સ્પષ્ટપણે કરવામાં આવ્યો છે. તેમણે આક્ષેપ કરતા કહ્યું હતું કે ગાંધી પરિવારના દબાણના કારણે નરસિંમ્હારાવના અંતિમ સંસ્કાર દિલ્હીમાં થઈ શક્યા ન હતા અને તેમના પરિવારની ઈચ્છાની વિરૂદ્ધમાં તેમના પાર્થિવ શહીરને હૈદરાબાદ મોકલી દેવામાં આવ્યો હતો.

### બસપાને ટેકો

● અનુસંધાન પહેલાનું ચાલુ

સપાના નેતા આઝમખાને ઈમામ બુખારીને આઈએસઆઈના એજન્ટ તરીકે આક્ષેપો કર્યા હતા. છેલ્લી ચૂંટણીમાં આક્ષેપોનો દોર ચાલ્યો હતો. મુસ્લિમોને અપીલ કરવામાં આવી હતી. સમાજવાદી પાર્ટીને વિધાનસભા ચૂંટણીમાં બોધપાઠ ભણાવવાની રજુઆત કરાઈ હતી. ઈમામ બુખારીએ આક્ષેપ કર્યો હતો કે વિધાનસભા ચૂંટણી પહેલા મુલાયમસિંહે તેમનું સમર્થન લીધું હતું અને મુસ્લિમોને ૧૮ ટકા અનામત આપવાની વાત કરી હતી પરંતુ સપાએ વચન પાળ્યું ન હતું. બુખારી એક વખતે ભાજપની તરફેણમાં મત આપવાનો ફતવો પણ જારી કરી ચુક્યા છે. ૨૦૦૪માં ભાજપની તરફેણમાં મત આપવા બુખારીએ કહ્યું હતું.

### સચ્ચાઈની જ જીત

● અનુસંધાન પહેલાનું ચાલુ

વાસ્તવિકતાની જીત થશે. ધર્મની જીત થશે. પન્નીસેલ્વમ છાવણીને એવા સમયે મોટી તાકાત મળી છે જ્યારે મધુસુદને તેમને સમર્થન આપવાની જાહેરાત કરી દીધી છે. આને શશીકલા માટે એક મોટા ફટકા તરીકે જોવામાં આવે છે. મુધુસુદન અન્નાદ્રમુકના અધ્યક્ષ મંડળના પ્રમુખ તરીકે છે. ગુરૂવારના દિવસે પન્નીરસેલ્વમની સાથે તેઓએ વાત કરી હતી. સાથે સાથે તેમની સાથે રાજ્યપાલને મળવા માટેની જાહેરાત પણ કરી હતી. તમિલનાડુમાં રાજકીય ઉથલ પાથલનો દોર ચાલી રહ્યો છે ત્યારે પન્નીરસેલ્વમે પણ હવે બળવો કરી દીધો છે. શશીકલાના મુખ્યમંત્રી બનવાનો રસ્તો સાફ કરવા માટે અગાઉ પન્નીરસેલ્વમે અગાઉ રાજીનામું આપી દીધું હતું પરંતુ મોડેથી એમ કહીને ચર્ચા જગાવી હતી કે રાજીનામું આપવા માટે તેમના ઉપર દબાણ લાવવામાં આવ્યું હતું. તમિલનાડુમાં છેલ્લા ઘણા સમયથી રાજકીય ગતિવિધિનો દોર ચાલી રહ્યો છે. આજે પણ દિવસ દરમિયાન બેઠકોનો દોર જારી રહ્યો હતો. તમિલનાડુના કાર્યકારી મુખ્યમંત્રી પન્નીરસેલ્વમને હવે મોટી રાહત થઈ છે. શશીકલાની પીછેહઠ થઈ છે. જયલલિતાના નિધન બાદથી જ તમિલનાડુની રાજનીતિમાં કટોકટી પ્રવર્તી રહી છે.

### મોત બનીને ત્રાટક્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતી. ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. જમ્મુ-કાશ્મીરના ઉરી સેકટરમાં લશ્કરી કેમ્પ પર હુમલો કરવામાં આવ્યા બાદથી જ ભારતીય સેનાએ પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં સર્જિકલ સ્ટ્રાઈક કરવા માટેની યોજના પર કામ શરૂ કરી દીધું હતું. અમાસની રાતની રાહ જોવામાં આવી હતી. આખરે આ સમય આવી પહોંચ્યો હતો. ૨૮ અને ૨૯મી સપ્ટેમ્બરની રાત્રે મેજર રોહિત સુરીના નેતૃત્વમાં આઠ કમાન્ડોની એક ટીમ ત્રાસવાદીઓને બોધપાઠ ભણાવવા માટે રવાના થઈ હતી. સુરીએ ટીમને આદેશ આપ્યો હતો કે ત્રાસવાદીઓને તેમના એક લોન્ચપેડ પર ખુલ્લા વિસ્તારમાં પડકાર ફેંકીને તેમનો ખાત્મો કરે. સુરી અને તેમના સાથીઓ ટાર્ગેટમાં ૫૦ મીટરની હદ સુધી પહોંચી ગયા અને બે ત્રાસવાદીઓને ઠાર મારી દીધા હતા. તેમને ઠાર મારતાની સાથે જ સુરીએ નજીકના વન્ય વિસ્તારમાં ગતિવિધિ નિહાળી હતી. જ્યાં બે શકમંદ જેહાદીઓ છુપાયેલા હતા. ત્યારબાદ તેમની ગતિવિધિ પર યુએવી મારફતે નજર રાખવામાં આવી રહી હતી. સુરીએ પોતાની સુરક્ષાની ચિંતા કર્યા વગર બંને ત્રાસવાદીઓને નજીકથી પડકાર ફેંકીને આ બંનેને પણ ઉડાવી દીધા હતા. એક અન્ય મેજરને જવાબદારી આપવામાં આવી હતી કે લોન્ચપેડ પર નજર રાખવામાં આવે. આ અધિકારી પોતાની ટીમની સાથે હુમલાના કલાકો પહેલા જ એલઓસી પાર કરીને પહોંચી ગયા હતા અને ટાર્ગેટ પર થનાર મુવમેન્ટ ઉપર નજર રાખી રહ્યા હતા. તેમની ટીમે નકશો તૈયાર કર્યો હતો. દુશ્મનોના હથિયારો અંગે માહિતી મેળવી હતી. એવી જગ્યા પણ શોધી કાઢવામાં આવી હતી જ્યાંથી અમારા જવાના મિશન દરમિયાન સુરક્ષિત રહીને દુશ્મન પર ફાયરીંગ કરી શકે. અધિકારીએ શસ્ત્રો સાથે ભરેલા એક આવાસને ફૂંકી માર્યુ હતું. આમાં બે ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. ત્રીજા મેજરે અન્ય એક ત્રાસવાદીને મોતને ઘાટ ઉતારી દીધો હતો. ત્યારબાદ ત્રાસવાદી અડ્ડાને ફૂંકી મારવામાં આવ્યું હતું. જ્યાં સુઈ રહેલા તમામ ત્રાસવાદીઓ માર્યા ગયા હતા. એક પછી એક સફળ રીતે હુમલા કરવામાં આવ્યા હતા. હાલમાં જ આર્મી ડેના દિવસે સર્જિકલ હુમલાના પ્રદર્શન કરીને જવાનોએ તમામના જીવ ઉંચા કરી દીધા હતા.

### પક્ષાંતર ધારા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જ માંગણી કરી રહ્યા છીએ એમ પણ તેમણે જણાવ્યુ હતુ.

મેયરના વકીલ કમલનયન બ્રહ્મભટ્ટે આ પાંચ મુદ્દા માટે તપાસ અધિકારી નિમવાની માંગ કરી હતી જેમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ દ્વારા પક્ષના મેયર, ડેપ્યુટી મેયર તેમજ સ્ટેન્ડીંગ કમિટિના સભ્યોના નામો ઉમેદવારી કરવા નક્કી કરી તેની જાણ પક્ષના અધિકૃત વ્યક્તિ દ્વારા પ્રિસાઈડીંગ ઓફીસરને આપેલ હતા કે કેમ?

પક્ષ દ્વારા ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના ચૂંટાયેલા સભ્યો છે તેઓને પ્રદેશ પ્રમુખ દ્વારા તા. ૨૧-૯-૨૦૧૫ના રોજ પક્ષનો આદેશ આપવા અધિકૃત કરેલ હોય તેવા પદાધિકારીઓમાં જીતુભાઈ રાયકાનો સમાવેશ કરવામાં આવેલ છે કે કેમ?

જીતુભાઈ રાયકાને ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની મીટીંગમાં પક્ષનો વ્હીપ વાંચી સંભળાવવા પક્ષના પ્રદેશ પ્રમુખ દ્વારા અધિકૃત કરવામાં આવેલ છે કે કેમ? તેમજ તેની જાણ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કરવામાં આવેલ છે કે કેમ?

સભાની કાર્યવાહીમાં બાબુભાઈ પટેલ દ્વારા તા. ૬-૫-૨૦૧૬નો જે ખોટો, ઉભો કરેલો પત્ર છે તે તમામ અમારી તકરાર ઉભી રાખી સદર પત્ર તા. ૬-૫-૨૦૧૬ની સભાની કાર્યવાહીમાં અરજદારની રજુઆત મુજબ ૧૧:૩૬:૧૧ એ.એમ.એ વંચાણે લેવામાં આવેલ છે કે કેમ?

સભાની કાર્યવાહી વીડીયોગ્રાફીમાં જોતા આ કામના અરજદાર શૈલેન્દ્રસિંહ ભીખુસિંહ બિહોલા, જીતુભાઈ રાયકા તથા તેમના મળતીયા સતત પોલીસની હાજરીમાં ધાંધલ-ધમાલ કરતા હતા કે નહી? તેમજ અમો સામાવાળા ઉપર દાદાગીરીથી માર મારવા વર્તન કરતા હતા કે નહી?

### પરીક્ષામાથી મુક્તિ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮માં આયુર્વેદ, હોમિયોપેથી તથા નેચરોપેથીના સ્નાતક અભ્યાસક્રમમાં નીટ-યુજીના મેરીટના ધોરણે પ્રવેશ આપવાનો નિર્ણય કર્યો છે ત્યારે ગુજરાત સરકારે પણ મેડીકલ તથા ડેન્ટલ અભ્યાસક્રમની સાથે સાથે આયુર્વેદ, હોમિયોપેથી તથા નેચરોપેથીના સ્નાતક અભ્યાસક્રમમાં નીટ-યુજી તથા અન્ય પેરામેડીકલ અભ્યાસક્રમો જેવા કે, ફીઝીયોથેરાપી, નર્સિંગ, એક્યુપેશનલ થેરાપી, પ્રોસ્થેટીક્સ અને ઓર્થોટીક્સ સ્પીચ એન્ડ ઓડિયોમેટ્રી જેવા સ્નાતક અભ્યાસક્રમોમાં ધોરણ-૧૨ સાયન્સના મેરીટના ધોરણે પ્રવેશ આપવા વિચારણા કરવામાં આવી રહી છે. જેમાંથી હવે મેડીકલ તથા પેરામેડીકલના અભ્યાસક્રમો માટે ગુજસેટ પરીક્ષા આપવામાંથી વિદ્યાર્થીઓને મુકિત મળશે તેમજ નીટ-યુજીની તૈયારીઓમાં વિદ્યાર્થીઓ પુરતું ધ્યાન કેન્દ્રીત કરી શકશે, જે માટે વર્ષ ૨૦૧૭-૧૮ માટેના પ્રવેશ નિયમો ટૂંક સમયમાં બહાર પાડવામાં આવશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

### આંતરિક માર્ગો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સલામતીની દ્રષ્ટીએ પણ જોખમી સ્થિતિનુ નિર્માણ થયુ છે. શહેરમાં મુખ્યમાર્ગોની સાથે સેકટરોના આંતરિક માર્ગોની દરકાર લેવામાં નિરસતા સેવાઈ રહી છે. મુખ્યમાર્ગોને ચકાચક બનાવવા માટે વાઈબ્રન્ટ સમિટ દરમિયાન પણ તોતિંગ ખર્ચ કરવામાં આવે છે. જયારે સેકટરોના આંતરિક માર્ગોનુ કામ નિયત સમયના અંતે પણ હાથ ધરવામાં આવતુ નથી. જેના પરિણામે હાલની સ્થિતિએ મોટાભાગના સેકટરોમાં આંતરિક રોડ નેટવર્ક સ્થાનિક રહીશો માટે માથાના દુખાવારૂપ બન્યુ છે. શહેરના ૬૧૩ કી મી ના રોડ નેટવર્કની જાળવણીના મામલે મહત્તમ ખર્ચ મુખ્ય માર્ગોની દરકાર લેવા માટે થતો હોવાનો રોષ પણ પ્રબળ બન્યો છે. જયારે સેકટરોના આંતરિક માર્ગો છેલ્લા દોઢ વર્ષથી બિસ્માર હાલતમાં આમ નાગરિકો માટે પેરશાનીનુ કારણ બન્યા છે. શહેરમાં વાહનોની સંખ્યા વધતા સેકટરોના આંતરિક માર્ગો પર દિવસ દરમિયાન સતત વાહનોની અવરજવર જોવા મળી રહી છે. આવા સંજોગોમાં સેકટરોના માર્ગોનુ યોગ્ય લેવલીંગ પણ ન હોવાથી વરસાદી ઋતુમાં પાણીનો ભરાવો થતો હોવાથી માર્ગોનુ ધોવાણ પણ ઝડપથી થાય છે. જેના લીધે નિયત સમય પુર્વે જ માર્ગો બદતર હાલતમાં જોવા મળે છે. જયારે રહીશો દ્વારા પેવર બ્લોકનુ કામ પણ માર્ગોના લેવલથી ઉપર કરી દેવાતા માર્ગોના અસ્તિત્વ સામે ખતરો મંડરાયો છે. હાલ સેકટરોમાં રહીશોએ મનસ્વી રીતે પેવર બ્લોકનુ કામ કરાવી દેવાયુ છે. જયારે કોર્પોરેશનના તંત્ર દ્વારા પણ આ મામલે દરકાર લેવામાં આવી નથી. જેથી આગામી માર્ગ નવિનીકરણની કામગીરી દરમિયાન માર્ગોનુ લેવલીંગ પણ યોગ્ય રીતે થાય તે અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

### મચ્છરો માટે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નજીક આમ નાગરિકોના ઘર આંગણે જ ગંદકીની સમસ્યા સર્જાઇ છે. જયારે સેન્ટર નજીક સ્થિત ડોમ નજીક પણ ઉકરડો અસ્તિત્વમાં આવ્યો છે. એકઝિબીશન સેન્ટરના સ્વચ્છતા અને જાળવણી મામલે કાર્પોરેશનને સફાઇ વેરો પણ ચુકવવામાં આવતો નથી.

સફાઈના અભાવે આ વિસ્તારમાં સ્વચ્છતાનો અભાવ જોવા મળે છે. જયારે એકિઝીબીશન સેન્ટરમાં પણ જરૂરી સફાઇ અને સમયાંતરે પોરાનાશક કામગીરી હાથ ન ધરાતા મચ્છરો માટે આ સ્થળ ફેવરેબલ બન્યુ છે.સ્થાનિક રહીશો પણ મચ્છરોના વધતા ઉપદ્રવના લીધે રોગચાળાનો ભોગ બની રહયા છે. સે-૧૭ના સરકારી રહેણાંક વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી ગંદકી રોગચાળાનુ કારણ બની હોવાનો આક્રોશ સેવાઇ રહયો છે. વાઇબ્રન્ટ દરમિયાન સઘળુ સોહામણુ બનાવી મહાનુભાવોને આકર્ષવા માટે રાત દિવસ કામે લાગેલા તંત્ર દ્વારા સ્થાનિક નાગરિકોના ઘર આંગણે જ કચરાના ઢગ ખડકી દેવાય છે. જયારે લાંબા સમય સુધી કચરાનો નિકાલ પણ થતો નથી વાઇબ્રન્ટ પુર્વે પણ એકઝિબીશન સેન્ટર મચ્છરોનુ ઉદભવ સ્થાન બન્યુ હોવાનુ પ્રકાશમાં આવ્યુ હતુ. ત્યારે આ વિસ્તારમાં સફાઈના મામલે કોઇ દરકાર લેવાતી નથી. જેના પરિણામે સ્થાનિક રહીશોના આરોગ્ય સામે મોટો ખતરો મંડરાયો છે.

### ધો.૧૦ની પરીક્ષામાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિદ્યાર્થીઓ રીપીટર તેમજ ખાનગી કક્ષાએ નોંધાયા છે. પરીક્ષાની મોસમ નજીકમાં હોવાથી વાલીઓની જવાબદારી પણ વધી ગઈ છે. જયારે શિક્ષણ તંત્ર દ્વારા પણ સફળ પરીક્ષાના આયોજન મામલે બેઠક વ્યવસ્થાથી લઇ કસોટી શાંતિપુર્ણ અને પારદર્શક રીતે યોજાય તે માટેના પરિબળો ચકાસી યોગ્ય આયાજનની દીશામાં ગતિવિધિઓ આરંભી દેવાઇ છે.